# 2 કુટુંબમાં વ્યક્તિનો ઉછેર

કુટુંબમાં વ્યક્તિઉછેર બાબત નીચેની બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે :

(1) ઉછેર (2) સંસ્કારવારસો (3) સ્વાતંત્ર્ય (4) સારાસાર વિવેકની કેળવણી (5) સમાજનાં ચાલકબળો અને વ્યક્તિનાં ચાલકબળોની તુલના.

માનવસમાજની વ્યવસ્થા સુપેરે ચાલતી રહે તે માટે જુદી જુદી સામાજિક સંસ્થાઓ રચાયેલી છે. આ બધી સંસ્થાઓમાં કુટુંબસંસ્થા પાયાની સંસ્થા છે. કુટુંબ માનવસંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે. કુટુંબમાં બાળકનો જન્મ અને ઉછેર થાય છે. કુટુંબના સભ્યો વચ્ચે સહુથી વિશેષ આત્મીયતાનો ભાવ હોય છે. સાંસ્કૃતિક વારસાના શિક્ષણમાં કુટુંબનું સ્થાન અગત્યનું છે. કુટુંબમાં બાળકનાં હિતો પરિપૂર્ણ થાય છે. માનવબાળ જન્મે છે ત્યારે તેની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડીને તેને સારી રીતે કુટુંબ ઉછેરે છે. આ રીતે નવી ઊછરતી પેઢી દ્વારા સમાજનું સાતત્ય જળવાઈ રહે છે.

**બાળકનો સામાજિક વિકાસ**

કુટુંબમાં બાળકનો સામાજિક વિકાસ ક્રમશઃ તેની ઉંમર વધે તેમ વધતો જાય છે. બાળક માતાના ઉદરમાં હોય છે ત્યારથી તે હલનચલન કરતું થાય છે. પાંચ માસની ઉંમર સુધી તેની આ ક્રિયાઓ મોટે ભાગે જીવન નિભાવવા માટે અને શારીરિક જરૂરિયાતોની પૂર્તિ માટે જ હોય છે.

**પ્રારંભિક સામાજિક પ્રતિક્રિયાઓ**

જન્મથી ચાર માસના ગાળામાં બાળક શરૂઆતમાં રડવાની અને પછી હસવાની પ્રતિક્રિયા કરે છે. માને હસતી જોઈને બાળક હસતાં શીખે છે. છ મહિનાની ઉંમરે બાળક પરિચિત અને અપરિચિત વ્યક્તિઓ વચ્ચેના ભેદને સમજતું થાય છે. તે પ્રેમ અને ગુસ્સાના ભાવ અવાજના આધારે પારખે છે. આમ, ભાવ સમજવાની શરૂઆત કુટુંબમાં નાની ઉંમરથી જ થાય છે. અજાણ્યા માણસને જોઈને બાળકને ભયની લાગણી આ ઉંમરથી શરૂ થાય છે. ભય સામે કુટુંબમાં સલામતી મળે છે. આઠથી દસ મહિનાની ઉંમરે બાળક અન્ય વ્યક્તિના ચહેરા પરના ક્રોધના ભાવ સમજી શકે છે. બાળકના ઉછેરમાં કુટુંબ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. બાર માસની ઉંમરે બાળક નિષેધાત્મક પ્રતિક્રિયાઓ કુટુંબમાંથી શીખે છે. તારવી જવું, હુમલો કે પ્રતિકાર કરવો, ધમાલ કરવી, પોતાની વસ્તુ બીજું કોઈ લઈ લે તો પરત લેવી વગેરે તે પ્રતિક્રિયાઓ કરે છે.

**અનુકરણ**

માનવપ્રાણી સ્વભાવે અનુકરણશીલ છે. બાળક માતાપિતા, દાદા-દાદી, ભાઈ-બહેન વગેરેનું અનુકરણ કરે છે. ઘરકામમાં રસ લે છે, તેને હરવું-ફરવું અને કામ કરવાનું ગમે છે. જો તેને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાની તક મળે તો તેનો આત્મવિશ્વાસ વધે છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાની છૂટ ન મળે અને ગોંધી રાખવામાં આવે તો બાળક વિરોધ કરે છે. હિંસાનાં બીજ તેનામાં વવાય છે. આ ઉંમરે બાળકમાં માલિકી-ભાવનું ભાન વિકસે છે. 30 માસની ઉંમર સુધી બાળકો ઘરની પ્રણાલિકાઓનું અનુકરણ કરતાં થઈ જાય છે. આ ઉંમરે તે ઘરમાં જ રમવાનું પસંદ કરે છે પણ તે હઠ કરતું પણ થાય છે. બહારની વ્યક્તિઓ સાથે અનુકૂલન સાધવામાં તેને મુશ્કેલી પડે છે. માબાપે આ તબક્કે બાળકના તંદુરસ્ત સામાજિક ઉછેર માટે તેને ઘરની બહાર જઈ બીજાં બાળકો સાથે ભળવાની તક પૂરી પાડવી જોઈએ અને તેનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ.

3 વર્ષની ઉંમરે બાળકને ઘરની બહાર જઈ બીજાં બાળકો સાથે રમવાનું ગમે છે. કદાચ રમતાં-રમતાં બાળકો ઝઘડી પડે તોપણ થોડી વાર પછી સાથે રમતાં થઈ જાય છે. તેની પ્રવૃત્તિઓ ઉપર નજર રાખવાની જરૂર હોય છે. આ ઉંમરે હું અને તું તથા આપણેનો સામાજિક ખ્યાલ વિકસતો જાય છે. હવે તેનું શબ્દભંડોળ પણ વધેલું હોય છે અને તે ખપ પૂરતી ભાષા પણ બોલવા લાગે છે. આ ઉંમરે તેના સામાજિક સંપર્કો વધે અને સરળતાથી સામાજિક વ્યવહારો ચલાવે તે માટે માબાપે તેને મદદ કરતા રહેવાની જરૂર છે. ભાષા સાથે હવે તેને સમયનો એટલે કે ભૂતકાળ અને ભવિષ્યકાળનો ખ્યાલ આવે છે. તે ભૂતકાળનો વાક્યમાં પ્રયોગ કરી શકે છે અને ભવિષ્યકાળનાં વાક્યો પણ બોલી શકે છે. આ ઉંમરે બાળક માતાપિતાના સ્વભાવને ઓળખતું થાય છે. માતાનો સ્વભાવ કડક હોય અને તેને જોઈતી વસ્તુ ન આપે તો તે પિતા પાસે માંગણી કરે છે. માબાપ બંને કડક હોય તો બાળક મૂંઝાય છે. ત્રણથી ચાર વર્ષના ગાળામાં બાળકની કલ્પનાશક્તિ સમૃદ્ધ હોય છે. પરિવારમાંથી તેની કલ્પનાશક્તિ વિકસે તેવી વાર્તાઓ, ઘટનાઓનું કથન સાંભળવા મળે તો તેનો વિકાસ ઝડપી બને છે, સાથેસાથે શબ્દભંડોળ વધે છે, તેની કલ્પના સંતોષાતાં તે તૃપ્તિનો ભાવ અનુભવે છે. આ ઉંમરે પરીકથાઓ સાંભળતાં સાંભળતાં ઊંઘવાનું તેને ગમે છે. કુટુંબમાં વાર્તા કહેનાર પાત્ર બાળકને પ્રિય બને છે. આ ઉંમરે બાળક કલ્પનાશીલ હોવાથી તરંગી ન બની જાય તેની કાળજી માતાપિતાએ રાખવી જરૂરી છે.

**સામાજિક વિકાસની ઝંખના**

બાળક માટે 4થી 5 વર્ષની ઉંમરનો ગાળો સામાજિકતાના વિકાસની ઝંખનાનો સમય છે. તેને હવે ઘરમાં ગમતું નથી. બહાર જઈ બીજાં બાળકો સાથે રમવાનો તલસાટ તેનામાં જાગે છે. ઘર બહાર બાળકો સાથે રમવામાં બાળકો એટલાં તલ્લીન બને છે કે તે ભૂખની પણ પરવા કરતાં નથી અને સમયસર જમવા પણ આવતાં નથી.

આ ઉંમરની બીજી વિશેષતા એ છે કે બહારના સંપર્કની તરસ સાથે પારિવારિક ભાવના પણ વધુ દૃઢ થાય છે. તે બીજાં બાળકો સાથે વાતચીતમાં માતાપિતાની વાતોનો ઉલ્લેખ વારંવાર કરે છે. ''મારા પિતા આમ કહે છે, મારી માતા આમ કરે છે'' વગેરે વાક્યો ઉમંગથી બોલે છે.

આ તબક્કે તેને સ્વતંત્રતાની પાંખ ફૂટે છે. સ્વતંત્રતાની લાગણી ન સંતોષાય તો તેને પોતાની પરાધીનતા ખટકે છે અને તે બળવાખોર થઈ જાય છે. તે વાતવાતમાં પોતાનો કક્કો ખરો કરવાના પ્રયત્નો કરે છે. ભય લાગતાં હજુ તે સામનો કરવાને બદલે માબાપ પાસે દોડી જાય છે.

બાળકના સંતુલિત વિકાસ માટે આ તબક્કે માતાપિતાના સ્નેહ અને હૂંફની તેને વિશેષ જરૂર પડે છે. ડેનિયલ નામના મનોવૈજ્ઞાનિકે આ વયનાં બાળકોનાં બે જૂથ પાડ્યાં હતાં. આહાર, વિહાર અને અન્ય સુખસગવડો બંને જૂથોને સરખી આપવામાં આવતી હતી પણ એક જૂથને બીજા જૂથ કરતાં સ્નેહ ઓછો આપવામાં આવતો હતો. તેમના તરફનો વહેવાર પણ ઓછો કોમળ રાખવામાં આવતો હતો. છ મહિનાના પ્રયોગના અંતે શારીરિક અને માનસિક વિકાસની સરખામણી કરતાં જે જૂથનાં બાળકોને ઓછો સ્નેહ મળ્યો હતો અને કૂણી લાગણી પૂરી બતાવવામાં આવી ન હતી તે બીજા જૂથ કરતાં થોડી ઊતરતી કક્ષાનાં જોવા મળ્યાં હતાં.

નાનાં બાળકોના ઉછેરમાં વ્યક્તિગત સંભાળ અને પ્રેમ અનિવાર્ય છે. શરૂઆતનાં પાંચ વર્ષ માતાના પ્રેમથી વંચિત રહેલાં બાળકો પ્રેમ તથા લાગણીથી શૂન્ય બને છે અને મોટી ઉંમરે બીજી વ્યક્તિઓને સ્નેહ આપવામાં ઊણાં ઊતરે છે.

ઉપરની ચર્ચા પરથી સમજી શકાય છે કે બાળકના ઉછેરમાં પરિવારના પ્રેમ અને હૂંફની જરૂરિયાત બંનેનું મહત્ત્વ કેટલું અગત્યનું છે. બાળકના વ્યક્તિત્વના વિકાસમાં કુટુંબસંસ્થા અનિવાર્ય છે, એટલું જ નહિ કોઈ કારણસર બાળકો કુટુંબ બહાર ફેંકાઈ જાય અને માનવસમાજથી પણ અલિપ્ત રહે તો તે પશુ જેવાં બની જાય છે, આવાં બાળકોના થોડા દાખલા જોવા મળેલા છે.

**વિક્ટર :** આ બાળક ફ્રાન્સના જંગલમાંથી શિકારીઓને મળી આવ્યું હતું. તે વખતે તેની ઉંમર લગભગ દોઢ વરસની હતી. તે જંગલમાં તદ્દન નગ્ન અવસ્થામાં પશુની જેમ ભટકતો હતો. શિકારીઓએ તેને પકડ્યો ત્યારે તે કૂતરાની જેમ કરડવા આવતો હતો અને નહોર પણ મારતો હતો. કંઈ ખાવાનું તેની આગળ મૂકવામાં આવતું તો તે કૂતરાની જેમ સૂંઘીને ઉપાડીને ખૂણામાં લઈ જઈને ખાતો હતો. શરૂઆતનાં વર્ષોમાં તેના પર ઠંડી અને વરસાદની ખાસ અસર થતી ન હતી.

આ બાળકને ઈટાર્ડ નામના મનોવૈજ્ઞાનિકને સોંપવામાં આવ્યો હતો. ઈટાર્ડે એક નર્સની મદદથી તેને માણસનાં લક્ષણો, ભાષા અને રહેણીકરણી શીખવવાના પ્રયત્નો કર્યા હતા. તેનામાં નર્સ અને ઈટાર્ડ પ્રત્યે સ્નેહની લાગણી જાગી હતી પણ ભાષા શીખવામાં ખાસ પ્રગતિ કરી શક્યો ન હતો. ઈટાર્ડે તેનું નામ વિક્ટર પાડ્યું હતું. ઈટાર્ડના મત પ્રમાણે બાલ્યાવસ્થામાં માણસોના સંપર્કના અભાવના કારણે તેના વિકાસમાં અવરોધ નિર્માણ થયો હતો, તે દૂર થઈ શક્યો નહિ તેથી તે બહુ વિકાસ સાધી શક્યો નહિ અને અંતે થોડાં વર્ષોમાં મૃત્યુ પામ્યો.

**અમલા અને કમલા :** 1920માં ભારતમાં સિંગ નામના એક પાદરીને જંગલમાં વરુની બોડમાંથી બે છોકરીઓ મળી આવી હતી. તે વખતે મોટી છોકરી લગભગ 8 વર્ષની અને નાની છોકરી દોઢેક વર્ષની હતી. પાદરીએ નાનીનું નામ અમલા અને મોટીનું નામ કમલા રાખ્યું હતું. શ્રીમતી સિંગને તે બન્નેને માણસની જેમ ઉછેરવાનું કામ સોંપ્યું હતું. જ્યારે તે મળી આવી ત્યારે વરુની માફક વર્ષતી હતી. તે માનવભાષા બોલતી નહિ પણ વરુની જેમ ઘુરકિયાં કરતી. દિવસે તે બેસી રહેતી અને રાત્રે આમતેમ ફરતી હતી.

શ્રીમતી સિંગે તેમને માણસની જેમ ઉછેરવાના પ્રયત્ન કર્યા. અમલા એક વર્ષમાં બંગાળી ભાષામાં પાણી માટે વપરાતો શબ્દ જલ શીખી શકી હતી. જલ શબ્દ બોલી તે પાણી માગતી થઈ હતી. પણ તે એક વર્ષના અંતે અવસાન પામી. કમલા મોટી હતી. એક વર્ષમાં તે લાગણીશીલ બનવા લાગી હતી. તે શ્રીમતી સિંગ અને અમલાને સ્નેહ કરતી થઈ હતી. અમલાના મૃત્યુનો કમલાને આઘાત લાગ્યો હતો. બે દિવસ સુધી તેણે ખાધું-પીધું નહિ. તે સાદાં કામ કરતાં શીખી હતી. ભાષા શીખવામાં તે ખાસ પ્રગતિ કરી શકી ન હતી. શ્રીમતી સિંગના ઘણા પ્રયત્નો છતાં બીજા 8.5 વર્ષમાં તે માત્ર 45 શબ્દો જ બોલી શકતી હતી. 17 વર્ષની ઉંમરે તે મરી ગઈ.

**એના :** ઉપરનાં ત્રણ બાળકો માનવસમાજ બહાર પૂરેપૂરાં પશુઓ જેમ ઊછરતાં હતાં. એનાની સ્થિતિ તેમનાથી સારી ન હતી. એના તેની માતાની ગેરકાયદેસરની પુત્રી હોવાથી તેને પાંચ વર્ષ સુધી એક ઓરડામાં એકલી પૂરી રાખવામાં આવી હતી. તેનાં ખોરાક-વસ્ત્રો અને શૌચાદિની સગવડો જળવાતી હતી પણ તેની સાથે માણસોનો બોલચાલ કે મળવા-હળવાનો વહેવાર બંધ હતો. પાંચ વર્ષ પછી તેને એકાંતમાંથી બહાર કાઢવામાં આવી અને યોગ્ય દેખરેખ રાખવાનું શરૂ કરવામાં આવ્યું હતું. પરિણામે તેનામાં થોડો સુધારો થયો પણ તે તેની ઉંમરના કુટુંબમાં ઊછરેલાં અન્ય બાળકોની સરખામણીએ ઘણી પાછળ રહી ગઈ હતી.

ઉપરના દાખલા પુરવાર કરે છે કે માનવબાળની શક્તિઓનો વિકાસ તેના પરિવારમાં જ થાય છે. આધુનિક સંશોધનો દ્વારા જાણવા મળે છે કે માણસને માણસ તરીકે વિકસવાની આધારશીલા તેના જીવનનાં

પાંચ વર્ષમાં જ બને છે. તે પાયા ઉપર ભવિષ્યમાં તેના જીવનની ઇમારત ચણાય છે. પાંચ વર્ષનો આ ગાળો તેના ઉછેર માટે અગત્યનો છે. આ સમયે માનવબાળ કુટુંબમાં ઊછરે છે. ઉપરના દાખલા અને સંશોધનો વ્યક્તિના ઉછેરમાં કુટુંબની અગત્ય પુરવાર કરે છે.

સ્નેહ અને વાત્સલ્ય, પ્રેમ અને હૂંફ, માનવતા, ચારિત્ર્યના પાયાની જરૂરિયાતો, ટેવો, ભાષાના શબ્દો તથા તેનો ઉપયોગ અને પરસ્પરના ભાવ તથા વહેવારમાંથી બાળક કુટુંબમાંથી અનુકરણ દ્વારા પોતાની આગવી રીતે ઘણું શીખે છે. જે વડીલો બાળકની ઉંમરનો આ ગાળો સમજપૂર્વક સારી રીતે સાચવી લે છે તેવા પરિવારોનાં બાળકોને જો કુટુંબમાંથી સચ્ચાઈ અને પ્રામાણિકતાના, સજ્જનતા અને શાલીનતાના, વિનય-વિવેકના, પરિશ્રમ અને સ્વાભિમાનના પાઠ શીખવા મળે તો તેવાં બાળકો પરિવાર અને સમાજ માટે ઉપકારક બને છે.

જે પરિવારોમાં બાળકો ક્લેશ, કંકાસ, વ્યસનો, વહેમો, અંધશ્રદ્ધાઓ વચ્ચે ઊછરે છે તે મોટપણે તેવાં બને છે. હિંસક અને નકારાત્મક પર્યાવરણમાં ઊછરતાં બાળકો પરિવાર અને સમાજ માટે બોજારૂપ બને છે. જૂઠ, ચોરી અને અનીતિના સંસ્કારો બાળપણમાં કુટુંબમાંથી મળે છે તો તેવાં બાળકો મોટાં થાય ત્યારે ચોરી-લૂંટફાટ જેવાં અસામાજિક કૃત્યો કરે છે. આપણા દેશમાં અને વિશ્વમાં  કેટલીક જાતિઓના વ્યવસાયો જ ચોરી-લૂંટ, છેતરપિંડી, વ્યભિચાર જેવા અસામાજિક છે તેનું કારણ આ જાતિઓમાં સેંકડો વર્ષોથી તે વ્યવસાયો થાય છે તે હલકા છે, અયોગ્ય છે એવી સમજ શિક્ષણ પછી પણ નથી આવતી કારણ કે તેમના કૌટુંબિક ઉછેરમાં જ તે સહજ રીતે વણાઈ ગયેલું છે.

**સંસ્કારવારસો :** સમાજનો એકમ વ્યક્તિ છે. કુટુંબ માનવસમાજની પાયાની સંસ્થા છે. કુટુંબમાંથી માણસને જે વારસો મળે છે તેનો અભ્યાસ સામાજિક વિજ્ઞાનમાં અને જીવવિજ્ઞાનમાં સારી રીતે થયો છે.

**દેહ કે શરીરનો વારસો :** બાળકના શરીરની રચના, રંગ, દેખાવ, ઊંચાઈ અને આકાર માબાપના જૈવિક વારસાથી મળે છે. આ વારસાનો પાયો માબાપના 'જીનસ' છે એવું જીવવિજ્ઞાને સંશોધનો દ્વારા નક્કી કર્યું છે. રંગસૂત્રો-જનીનમાં માણસના વારસાની કોડ ભાષામાં નોંધ છે એવું ભાષા અને શરીરરચનાથી ઓળખી શકાય છે એવું એક લોકગીતમાં ગવાયેલું છે. વર્ષો પછી બહેન ભાઈને ઓળખે છે. લોકકવિના શબ્દો "માની આંખોના અણસારે, બાપની બોલાશે વીરને ઓળખ્યો". દ્વારા આ બાબત ધ્વનિત થાય છે.

**દેહધાર્મિક ક્રિયાઓનો વારસો :** માણસને કુટુંબમાંથી તેની દેહધાર્મિક ક્રિયાઓનો વારસો મળે છે. માનવબાળને જન્મથી તેનાં મળમૂત્રના વિસર્જનની ક્રિયાઓ અંગે સ્વચ્છતાનો કોઈ ખ્યાલ નથી હોતો પણ તે જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ કુટુંબમાંથી તેને સ્વચ્છતાના સંસ્કારો મળે છે. ગમે ત્યાં ઝાડો-પેશાબ ન થાય, મળોત્સર્જન પછી તે અવયવોની સફાઈ, હાથની સફાઈ, શરીરની સ્વચ્છતા માટે સ્નાન, ધોયેલાં વસ્ત્રો સ્નાન પછી પહેરવાં, કપડાં સુઘડ અને સ્વચ્છ પહેરવાં, તે ગંદાં ન થાય તે રીતે રમવું, હરવું-ફરવું વગેરે ટેવો પરિવારમાંથી શીખે છે.

દાંતની સ્વચ્છતા માટે દાતણ કરવાની ટેવ કે બ્રશ કરવાની આદત, સ્નાન પછી વાળ ઓળવા, યોગ્ય સમયે હાથ-પગનાં આંગળાંના નખ કાપવા, સૌંદર્યપ્રસાધનો અને દરદાગીનાનો ઉપયોગ, વસ્ત્રોના રંગ, સિલાઈ અને પહેરવાની ઢબ પરિવારમાંથી પ્રાપ્ત થાય છે.

**રીતરિવાજો અને શિષ્ટાચારો :** બાળક તેના પરિવારમાંથી પરંપરાગત ચાલ્યા આવતા રીતરિવાજો વારસામાં મેળવે છે. સગપણ, મરણ, લગ્ન વગેરે પ્રસંગોમાં પરિવારમાં જે રિવાજો-વહેવારો ચાલ્યા આવે છે

તે બાળકો શીખી લે છે. બાળકના જન્મપ્રસંગે ગોળ કે સાકરની વહેંચણી, સગપણમાં આપવાનાં દરદાગીના અને કપડાં, લગ્નપ્રસંગે ભોજનની વાનગીઓ વગેરે રીતરિવાજો ઊતરી આવે છે.

**શિષ્ટાચારો :** શિષ્ટાચારોનો વારસો બાળક પરિવારમાંથી મેળવે છે. ઘરે આવેલા મહેમાનોને બેસવા ખાટલો ઢાળી ઉપર ગોદડું, ચાદર, ઓશીકું મુકાય, તેમને પીવા અને પગ ધોવા પાણી અપાય, ચા-નાસ્તો અને ભોજન સમયે ભોજન આપવાનો શિષ્ટાચાર કુટુંબમાં થાય તે બાળક નાની ઉંમરથી જુએ છે તેનામાં તે વારસો મોટી ઉંમરે ઊતરે છે. મહેમાનોનું સ્વાગત રામરામ કે જયશ્રીકૃષ્ણ કે વાલેકુમ સલામ કે હાયબાય કહીને હાથ મિલાવીને કે ભેટીને કરવાની જે પદ્ધતિ કુટુંબમાં હોય તે પણ બાળક શીખે છે.

આ શિષ્ટાચારો પાછળ ખાલી દેખાવ છે કે સાચો હૃદયનો ઉમળકો છે તે પણ બાળકો ચાર-પાંચ વર્ષની ઉંમરે સમજી શકે છે. સાચા હૃદયના ભાવથી જે ઘરમાં મહેમાન સરભરા થતી હોય તે ઘરની દીકરી સાસરે જાય તો ત્યાં પોતાના કુટુંબનો વારસો લઈને જાય છે અને સામાજિક પ્રતિષ્ઠા મેળવે છે. શિષ્ટાચારમાં દેખાડો કરતાં પરિવારનાં બાળકો પણ મોટપણે દેખાવ કરતાં થઈ જાય છે. તેમને સમાજમાં પ્રતિષ્ઠા મળતી નથી.

**ધાર્મિક સંસ્કારોનો વારસો**

પરિવારમાં માતાપિતા જે ધર્મ કે સંપ્રદાયનાં અનુયાયી હોય, બાળકો પણ વારસાગત રીતે તે ધર્મ કે સંપ્રદાયને અનુસરે છે. માતાપિતા કોઈ સંત કે ગુરુનાં ભક્ત હોય તો બાળકો પણ તેનાં શિષ્યો બને છે. કુટુંબમાં મળતા ધર્મના પૂજા-અર્ચના, પ્રાર્થનાની પદ્ધતિઓને નવી પેઢી અનુસરે છે.

**સદાચાર અને નૈતિકતા**

સદ્ + આચાર = સદાચાર. સદ્ કે સત્ એટલે સાચો કે સમાજની દૃષ્ટિએ સારો વહેવાર. ઘરમાં પરિવારના સભ્યો કે માબાપ જે વહેવાર કરે છે તે જોઈને બાળકો વારસામાં તેવા સંસ્કારો મેળવે છે. ઘરના માણસો એકબીજા તરફ સદ્ભાવ રાખતાં હોય, કોઈને છેતરતાં ન હોય, સગાંસંબંધીઓ કે બહારની વ્યક્તિઓ સાથે લેવડદેવડના પ્રસંગોમાં જૂઠ ન આચરતાં હોય, બોલ્યું પાળતાં હોય, ખોટા વાયદા કરતાં ન હોય. રોજિંદાં વ્યાવહારિક કાર્યોમાં કોઈને નુકસાન થાય તેવાં કામો કરતાં ન હોય વગેરે બાબતોનો સમાવેશ સદાચારમાં થાય છે. સદાચારનો વારસો બાળકો પરિવારના માણસોના આચારમાંથી જ શીખે છે.

નીતિ શબ્દ સદાચાર કરતાં વધારે મૂલ્યવાન છે. નીતિ એટલે આત્માની દૃષ્ટિ પાળવાનો ધર્મ છે. આત્મા બધા શરીરોમાં એક છે એટલે આત્મવત્ સર્વભૂતેષુની દૃષ્ટિથી બધા સાથે વહેવાર કરવો તે નૈતિક વ્યવહાર છે. આત્મા સત્ સ્વરૂપ છે એટલે મન, વચન અને કર્મથી સત્યનું પાલન એ નીતિ છે. ચોરી ન કરવી, ગરીબો અને નિર્બળોને કનડવા નહિ, કોઈને દુઃખ ન આપવું, પ્રામાણિકતા, સહાનુભૂતિ, સમદૃષ્ટિ, દયા વગેરે ગુણો નીતિમાન માણસમાં હોય છે. પરિવારમાં નૈતિક નિયમોનું પાલન આંતરિક સ્વીકૃતિથી થતું હોય છે એટલે તેનો પ્રભાવ સહજ રીતે બાળકો પર વિશેષ પડે છે. નીતિમાન કુટુંબમાં ઊછરતાં બાળકોને વારસામાં આ ગુણો સહજ રીતે મળે છે. આંતરિક સ્વીકૃતિ વગર નૈતિકતાનું પાલન માત્ર સામાજિક ડરથી કરનારા લોકો ક્યારેક ખાનગીમાં તેનું ઉલ્લંઘન કરતા હોય છે. આવા માણસોના દંભનો પડદો ક્યારેક દૂર થાય છે ત્યારે સમાજ અને તેના પરિવારમાં પણ તેવો માણસ હલકો પડે છે. જે કુટુંબમાં વડો દંભી પુરવાર થાય છે તેનાં બાળકો પણ સમાજમાં ઊંચું માથું કરીને ફરી શકતાં નથી અને ગ્લાનિનો અનુભવ કરતાં થઈ જાય છે. તેમનો સામાજિક અને નૈતિક વિકાસ રૂંધાય છે.

નીતિમાન માણસો પોતાના દૈવી વારસાના કારણે સમાજનો વિરોધ સહન કરીને પણ પોતે માનેલાં સત્યો પ્રમાણે ચાલે છે. ''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ'' ગાનારા નરસિંહ મહેતા બ્રાહ્મણ-ભંગીના ભેદનો

અસ્વીકાર કરીને હરિજનવાસમાં ભજન કરવા જાય છે. નાંગરી નાતના વિરોધ સામે નિર્ભયતાથી જાહેર કરે છે ''અમે તો એવા રે એવા તમે કહો છો તેવા''. જાણે નાગરોને પડકાર કરે છે કે જાઓ તમારાથી થાય તે કરી લો, હું તો ભેદમાં નથી માનતો. ગાંધીજીએ પણ ''અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું કલંક છે, તેની કાયરશાહી છે.'' એમ જાહેર કરીને અસ્પૃશ્યતા દૂર કરવાના પગલા તરીકે આશ્રમમાં હરિજન કુટુંબ વસાવીને આખા અમદાવાદનો વિરોધ વહોરી લીધો હતો. લોકોની આર્થિક મદદ બંધ થતાં આશ્રમ ચલાવવો મુશ્કેલ બની જાય તેવી નાણાકીય કટોકટીમાં પણ પોતાનાં નૈતિક મૂલ્યોમાં બાંધછોડ કરી ન હતી.

પોતે માનેલાં સત્ય અને નીતિમાં અડગ રહેવાનો વારસો નાની ઉંમરે બાળકોને કુટુંબમાંથી પ્રાપ્ત થાય છે. આ વારસો તેમના જીવનની દિશા નક્કી કરે છે. મીરાંબાઈને નાની ઉંમરમાં દાદાની કૃષ્ણભક્તિનો વારસો મળ્યો હતો. મેવાડના રાણાની કનડગતો છતાં મીરાંની ભક્તિ અટલ રહી. અંતે કુટુંબ-પરિવાર અને મેવાડ છોડ્યું પણ કૃષ્ણભક્તિ ન છોડી. 5 વર્ષના ઉંમરના ગાળામાં બાળકના કોમળ મન ઉપર નૈતિક મૂલ્યો અને સદાચારી જીવનના સંસ્કારો પ્રગાઢ અસર કરે છે. માતાપિતા અને કુટુંબના સભ્યોના પ્રત્યક્ષ આચાર દ્વારા આ વારસો બાળકને મળે તો તેના સમગ્ર જીવનનો પાયો બની જાય છે.

દીનબંધુ એંડ્રુઝ ખૂબ કરુણાવાન હતા. તે એક વખત નાની ઉંમરે એક પક્ષીનું ઈંડું લઈ આવ્યા, તે જોઈ તેમની માતા રડી પડ્યાં અને કહ્યું ''તારા વગર મને જેવી વેદના થાય તેવી વેદના આ ઈંડાની માતાને થતી હશે! તું હમણાં જ જ્યાંથી લઈ આવ્યો છે ત્યાં મૂકી આવ''. બાળક એંડ્રુઝે માતાના આદેશનું પાલન કર્યું, તેમની માતાની કરુણાનો વારસો તેમના સમગ્ર જીવનમાં જોઈ શકાય છે. એંડ્રુઝ કોઈનું દુઃખ જોઈ શકતા નહિ. દુઃખીને જોતાંની સાથે જ તેમની પાસે જે કંઈ હોય તે તેને આપી દેતા હતા. તેથી જ તેમનું નામ દીનબંધુ - 'ગરીબોના ભાઈ' પડ્યું છે.

**ભાષા :** બાળકને કુટુંબમાંથી મળતા સંસ્કારવારસામાં ભાષાનું સ્થાન મહત્ત્વનું છે. બાળક પરિવારમાં બોલાતી ભાષા સહજ રીતે શીખી જાય છે. ગુજરાતી કુટુંબમાં ઊછરતું બાળક ગુજરાતી ભાષા શીખી જાય છે. મરાઠી પરિવારનું બાળક મરાઠી અને હિંદી પરિવારનું બાળક હિંદી સહજ રીતે બોલતાં શીખે છે. હિંદી કે ગુજરાતી પરિવારના બાળકને નાની ઉંમરે અંગ્રેજી માધ્યમમાં ભણાવવાના પ્રયત્નો બાળકોને ક્યારેક હતાશ બનાવી દે છે. માની ભાષા - માતૃભાષા બાળક કુટુંબના સાંસ્કૃતિક વારસા તરીકે ઘરમાં પામે છે.

**સંયમના સંસ્કારો :** નાનાં બાળકો આવેગશીલ હોય છે. તે પોતાની લાગણીઓ મુક્ત રીતે વ્યક્ત કરે છે. ગુસ્સામાં તે હાથમાંની વસ્તુઓ તોડી-ફોડી નાખે છે. ક્રોધના આવેગમાં માતાને પણ મારી બેસે છે, વાળ ખેંચે છે, બચકાં ભરી લે છે. આવા આવેગો કાબૂ મેળવી સંયમથી વર્તવાના સંસ્કારોનો વારસો બાળક પરિવારમાંથી મેળવે છે. જેમ તેનાં મળ-મૂત્ર ક્યાં કેવી રીતે કરવાં તે બાળક શીખી જાય છે તેમ માતા અને અન્ય વડીલો દ્વારા પ્રેમ, સમજ અને આગ્રહથી બાળકને તેના આવેગો અને લાગણીને સંયમમાં રાખવાની તાલીમ અને સંસ્કારો કુટુંબમાંથી મળે છે. જો કુટુંબના મોટા સભ્યો ક્રોધ ઉપર કાબૂ ન રાખી શકતા હોય અને ગુસ્સામાં અપશબ્દો-ગાળો બોલતા હોય તો બાળકને પણ એવો હીન વારસો મળે છે. જો પિતા પોતાની પત્નીને એટલે કે બાળકની માતાને મારઝૂડ કરતો હોય એ બાળકો જોતાં હોય તો મોટપણે તેના પુત્રો પણ એવું વર્તન કરતા થાય એવો સંભવ રહે છે.

**વ્યસનસંસ્કાર :** માતાપિતા, દાદા ને મોટાભાઈઓ વગેરે જો વ્યસની હોય તો નાનાં બાળકો પર તેની અસર પડે છે અને મોટી ઉંમરે તે અનુકરણ કરતાં થાય છે. તમાકુ, દારૂ, ગાંજો જેવી કેફી વસ્તુઓનાં વ્યસનો

બાળકો કુટુંબમાંથી શીખે છે. વર્તમાન સમયમાં નુકસાનકારક ગુટકા-મસાલા પણ બાળકોના પરિવારમાં વપરાતા હોય તો બાળક પણ નાની ઉંમરથી તે ખાતાં થઈ જાય છે.

**વ્યાવસાયિક સંસ્કાર :** આ સંસ્કાર કુટુંબના વ્યવસાયવારસામાં બાળકોને કુટુંબમાંથી મળે છે. સુથાર, લુહાર, દરજી, વણકર વગેરે કારીગરના પુત્રો મોટા ભાગે એ જ વ્યવસાય કરે છે. કારણ કે નાની ઉંમરથી તેમને તેના સંસ્કાર મળે છે. ખેડૂતોના પુત્રો મોટા ભાગે ખેતી કરે છે. પશુપાલકો પશુઓ પાળે છે અથવા તેને લગતો દૂધ લે-વેચનો વ્યવસાય કરે છે. વેપારીવર્ગનાં સંતાનો વેપારધંધામાં પડે છે.

વર્તમાન સમયમાં શિક્ષણના કારણે વારસાગત વ્યવસાયને બદલે કેટલાંક યુવકો-યુવતીઓ અન્ય વ્યવસાયોમાં જતાં થયાં છે પણ ગ્રામવિસ્તારોમાં હજી મોટા ભાગે કુટુંબના પરંપરાગત વ્યવસાયને નવી પેઢી સ્વીકારે છે.

**સ્ત્રી-પુરુષના કામનો ભેદ :** પરિવારોમાં મોટા ભાગે ઘરની બહારના વ્યવસાયનાં કામો પુરુષો કરે છે. ખેતી કરવી, ઢોર ચારવાં, બાંધકામનાં કામો કરવાં, વેપાર-વણજ અને અન્ય નોકરી-ધંધા પુરુષો કરે છે. ઘરકામ અને બાળઉછેરનાં કામો સ્ત્રીઓ સંભાળે છે. કુટુંબમાં આ કામોની સહજ વહેંચણી રૂઢિગત બની ગઈ હોવાથી કેટલાંક પરિવારોમાં વાસણ સાફ કરવાં, કપડાં ધોવાં, ઘરની સફાઈ, પશુઓની કોઢની સફાઈ, છાણ ઉકરડામાં નાખવું, રસોઈ કરવી વગેરે કાર્યો સ્ત્રીઓ જ કરે એવી સમજ દૃઢ થઈ ગઈ છે. કોઈ પુરુષ આવાં કાર્યો કરે તો મશ્કરીપાત્ર બને એવી પરિસ્થિતિ ગ્રામીણ સમાજમાં છે. શિક્ષણના પ્રસાર સાથે અને સ્ત્રીશિક્ષણના કારણે સ્ત્રીઓ પણ નોકરી કરતી થઈ હોવાથી આવી રૂઢિગત માન્યતાઓમાં પરિવર્તન શરૂ થયું છે. આ ભેદભાવ અંગેનાં વલણો પણ બાળકો પોતાના કુટુંબમાં પ્રવર્તતી સ્થિતિ પ્રમાણે વારસામાં મેળવે છે.

### જાતીય વૃત્તિ તરફ જોવાની દૃષ્ટિ

વિશ્વમાં જાતીય વૃત્તિ અંગેની બાબતો અંગે અમેરિકા અને યુરોપના પશ્ચિમી સંસ્કૃતિવાળા દેશોમાં ઉદાર અને છૂટછાટવાળું વલણ છે જ્યારે આરબ દેશો અને ભારતમાં તે બાબત સંયમ અને શીલની જાળવણી ઉપર ખૂબ મર્યાદા મૂકવામાં આવે છે. કુંવારી સ્ત્રીઓ પુરુષો સાથે જાતીય સમાગમ કરે તે પાપ મનાય છે. આથી તેવી સ્ત્રીઓ પ્રત્યે સમાજમાં નફરત થાય છે. આવી યુવતી સાથે લગ્ન કરવા પોતાને ખાનદાન માનતો યુવાન તૈયાર થતો નથી. કુંવારી માતા બને તો બાળકને જન્મતાં જ મારી નાખવામાં આવે કે ત્યજી દેવામાં આવે. ક્યારેક કુંવારી સગર્ભા બાળકને જન્મ આપતાં પહેલાં આપઘાત કરે અથવા પરિવારમાં જ તેનું ખૂન કરવામાં પણ આવે છે. ઇસ્લામમાં તે પરસ્ત્રી કે પરપુરુષ સાથે સમાગમ કરનાર વ્યક્તિને જાહેરમાં પથ્થરો મારીને મારી નાખવાની સજા કરવામાં આવે છે. જાતીય વૃત્તિ નાનાં બાળકો પરિવાર પાસેથી વારસામાં મેળવે છે. બચપણમાં બાળકો પોતાના પરિવારમાં કે મહોલ્લા કે ગામમાં બનેલી ઘટનાઓ પર ઘર અને ગામમાં થતી ચર્ચાઓ અને વ્યક્ત થતા અભિપ્રાયો સાંભળતાં હોય છે. મોટેરાંઓનું દૃષ્ટિબિંદુ વ્યક્ત થતું જોયું-જાણ્યું હોય છે. તેના આધારે તે પણ પોતાના વિચારો બાંધે છે. શિક્ષણના કારણે તેમાં થોડું ઘણું પરિવર્તન આવે છે પણ મોટા ભાગે ગામડામાં તો કેટલીક સ્થિતિઓમાં આ બાબત હજુ ખૂબ તીવ્ર પ્રત્યાઘાતો પડે છે અને ખૂનામરકી થાય છે.

**જીવનનાં લક્ષ્યો :** બાળકોએ મોટાં થઈને ભણીને શું કરવું છે તેની ચર્ચા પરિવારમાં થતી હોય છે. શિક્ષિત પરિવારોમાં પોતાના પિતા, કાકા, મામા, મોટાભાઈ કે મોટીબહેનની કેરિઅર કે વ્યવસાયનાં ઉદાહરણોથી બાળકોને તેમના જીવનનાં લક્ષ્યો કે ધ્યેયો નક્કી કરવાની પ્રેરણા મળે છે. તેમાંથી બાળક પોતાના જીવનનું લક્ષ્ય નક્કી કરે છે. પોતે શિક્ષક, ડૉક્ટર, વકીલ કે એન્જિનિઅર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, બિઝનેસમેન કે ઉદ્યોગપતિ બનશે તે નક્કી કરે છે.

આપણા સમાજમાં કેટલાક પરિવારોમાંથી અમેરિકા, ઇંગ્લૅંડ, જર્મની, ઑસ્ટ્રેલિયા વગેરે દેશોમાં ઉચ્ચ અભ્યાસ અને વ્યવસાય માટે યુવા-યુવતીઓ ગયેલાં છે તેવા પરિવારોનાં સગાંસંબંધીઓ અને મિત્રોનાં કુટુંબોમાં વિદેશોના અભ્યાસની સગવડો અને ઊંચાં જીવનધોરણો અને વેતનની વાતો થાય છે. કુટુંબનાં બાળકો તે સાંભળે છે અને વડીલો પ્રેરણા આપે છે એટલે વિદેશ જવાનું અને વધારે પૈસા કમાવાનું ધ્યેય બાળકોને મળે છે.

સંતો અને ભક્તોના પ્રભાવવાળાં પરિવારોમાં પ્રભુભક્તિ અને મોક્ષની વાતો સાંભળતાં બાળકોનું લક્ષ્ય એવું બને છે. રાષ્ટ્રભક્તો અને જાહેરજીવનમાં પડેલા મહાપુરુષોના જીવનમાંથી દેશભક્તિ અને લોકસેવાનું લક્ષ્ય બાળકોને મળે છે. આમ, બાળકોના જીવનમાં લક્ષ્યોનો પાયો પણ પરિવારમાં નંખાય છે.

**સ્વાતંત્ર્ય**

સ્વતંત્રતાની સંકલ્પના ખૂબ વ્યાપક છે. વ્યક્તિને પોતાના અભિપ્રાયો કે વિચારો વ્યક્ત કરવાની, પોતાના વિચારો પ્રમાણે લેખો કે પુસ્તક લખવાની છૂટ, પોતાના વિચારો પ્રમાણે ભણવાની-લખવાની છૂટ, વ્યવસાય કરવાની, લગ્ન કરવાની અને જીવન જીવવાની છૂટ, પોતાના વિચારો પ્રમાણેનું આધ્યાત્મિક કે ધાર્મિક જીવન જીવવાની મુક્તિ હોય તેને સ્વાતંત્ર્ય કહેવાય છે. પોતાના ધંધા કે વ્યવસાયના હિતમાં સંગઠન રચવાની છૂટ, પોતાની રાજકીય વિચારધારા પ્રમાણે રાજકીય પક્ષ રચી રાજકીય વહીવટ હાંસલ કરવાની સ્વતંત્રતા, પોતાના વિચારો પ્રમાણે શિક્ષણની યોજના બનાવી, શિક્ષણસંસ્થા બનાવી શિક્ષણ આપવાની સ્વતંત્રતા વગેરે જીવનનાં અનેક પાસાંથી પોતાની વિચારસરણી પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા હોય તેનેય સ્વાતંત્ર્ય કહેવાય છે.

**પરિવારમાં સ્વાતંત્ર્ય**

કુટુંબ કે પરિવારમાં બાળકોના તંદુરસ્ત અને સહજવિકાસ માટે તેમને સ્વાતંત્ર્ય આપવાની જરૂર છે. રૂસોના મત પ્રમાણે બાળક જન્મથી નિર્દોષ હોય છે. તે સમાજના સંપર્કથી બગડે છે. તેના ઉછેર માટે પૂરી સ્વતંત્રતા આપવી જોઈએ. ફ્રોબેલ, મૉન્ટેસોરી, તારાબહેન મોડક, ગિજુભાઈ બધેકા અને જુગતરામ દવે જેવા બાલકેળવણીકારોએ બાળકના સર્વાંગી વિકાસ માટે સ્વતંત્રતા સાથે તેને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાની તકો પૂરી પાડવા પર ભાર મૂક્યો છે.

કેટલાંક પરિવારોમાં પિતાની સત્તા એટલી બધી હોય છે કે તે કુટુંબના સરમુખત્યારની જેમ વર્તે છે. તમામ અન્ય સભ્યોએ તેમના આદેશોનું પાલન ચૂપચાપ કરવું પડે છે. આવા બંધિયાર પરિવારોનાં બાળકો મોટપણે બીજાને દબાવનારાં અને તેમની સ્વતંત્રતા ઝૂંટવી લેનારાં બને છે. કેટલાક પરિવારોમાં માતાનું વર્ચસ્વ એટલું બધું હોય છે કે પિતાના અભિપ્રાયનું કોઈ વજન નથી હોતું. આવા પરિવારની દીકરીઓ તેમના લગ્ન-જીવનમાં પતિને દબાવવા મથતી હોય છે. જો પતિ નરમ મળે તો ઘરસંસાર નભી જાય પણ જો તે પણ કડક સ્વભાવનો હોય તો લગ્નજીવન તૂટી જાય અથવા ક્લેશમય બની જાય છે.

**સમભાવ અને ઉદારતા**

સ્વતંત્રતાની સાથે પારિવારિક જીવનમાં સમભાવ અને ઉદારતા હોય તો ઘરસંસાર સ્વર્ગીય બને છે. માતાપિતા અને વડીલો, ઘરના બધા સભ્યો તરફ સમાન અને ન્યાયી વહેવાર રાખે તો બાળકોનો સંતુલિત વિકાસ થાય છે. ઘરના વિવિધ પ્રસંગોમાં, તહેવારોમાં, શિક્ષણમાં બાળકો વચ્ચે સમાનતા જળવાય, તેમની જીવનજરૂરિયાતોની ખરીદીમાં તેમને પસંદગી માટે સ્વતંત્રતા મળે, રમત-ગમત અને ભણવા-ગણવામાં તેમની શક્તિ, રસ-રુચિ અને વલણને ધ્યાનમાં લઈને તકો પૂરી પાડવામાં આવે તો તેમનો સર્વાંગી વિકાસ થાય છે.

જે પરિવારમાં બધા સભ્યોનાં વિચારો, અભિપ્રાયો અને સૂચનો આદરપૂર્વક સાંભળવામાં આવે અને તેમાં વડીલો પોતાના અનુભવોના આધારે દિશા-દર્શન કરી બધાને અનુકૂળ પડે તેવા નિર્ણયો લેવામાં બધા સહભાગી થાય તે રીતે કુટુંબમાં સ્વાતંત્ર્યનો અનુભવ બધાને થાય તેવી રીતે વહેવાર ચાલતો હોય તે પરિવારનાં બાળકો મોટપણે લોકશાહી માનસવાળાં બને છે અને સૌનો આદર કરનારાં બને છે.

પરિવારમાં સ્વાતંત્ર્ય આપતી વખતે માતાપિતા અને મોટેરાંઓએ ખૂબ કાળજી રાખવી પડે છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદતાની ભેદરેખા બહુ પાતળી છે. સ્વતંત્રતા ભોગવતાં બાળકોને યોગ્ય માર્ગદર્શન ન મળે તો તે **સ્વચ્છંદી** બની જાય છે. સ્વચ્છંદી બાળકો પોતાની જાતને અને પરિવારને નુકસાન કરે છે. મોટપણે તે સમાજને પણ હાનિકારક બને છે.

કુટુંબના આચાર-વિચારનો પ્રભાવ તેની આજુબાજુ જીવતા સમાજ ઉપર પડે છે. માટે બાળકોને નાનપણથી સ્વતંત્રતાનો ઉપયોગ સંયમપૂર્વક કરવાની, કોઈને નડતર ન થાય તે રીતે જીવન જીવવાની તાલીમ બાળપણથી પરિવારમાં મળવી જરૂરી છે.

### સારાસાર વિવેકની કેળવણી

સાર + અસાર = સારાસાર. સારાસાર એટલે વ્યક્તિના સામે આવતી વસ્તુઓ, વિચારો અને ઘટનાઓમાં સારું શું છે અને ખોટું શું છે તેની સમજ. સાચું અને ખોટું પારખવાની કેળવણી એટલે વિવેકની કેળવણી. માનવજીવનમાં અનેક ઘટનાઓ બન્યા કરે છે. સામાજિક, રાજકીય અને ધાર્મિક પ્રસંગો આવ્યા કરે છે. ક્યારેક મોટા સંઘર્ષો ઊભા થાય છે ત્યારે બે જૂથ પડી જાય છે. બંને જૂથ પોતાના પક્ષે ન્યાય છે એવી જોરદાર રજૂઆત કરે છે. સામાન્ય માણસ ગૂંચવાઈ જાય એવી પરિસ્થિતિનું સર્જન થાય છે.

ગૂંચવાયેલા કોકડાનો ઉકેલ સારાસાર વિવેકની કેળવણી પામેલા અનુભવી માણસો કરી શકે છે. અહીં વિવેક શબ્દ મહત્ત્વનો છે તેને સમજવા માટે હંસનું ઉદાહરણ ઉપયોગી છે. કહેવાય છે કે હંસ ક્ષીર-નીર વિવેક જાણે છે. જો હંસ સામે દૂધ અને પાણીનું મિશ્રણ મૂકવામાં આવે તો તે દૂધ-દૂધ ગ્રહણ કરે છે અને પાણી છૂટું પાડે છે. જીવન જીવવા માટે માણસના સામે આવતી ઘટનાઓમાં સત્ય શું છે અને અસત્ય શું છે તેની પરખ કરવાની જરૂર પડે છે. માણસે સત્યને તારવીને રજૂ કરવું જોઈએ. તે વખતે મારા-પરાયાના ભેદ કે સબળા-નબળાનો ભેદ લક્ષ્યમાં લીધા વગર લાભાલાભના વિચારોનો ત્યાગ કરી સત્યનું ઉચ્ચારણ કરવું જોઈએ તે વિવેક કહેવાય.

મહાભારતના યુદ્ધ માટે પ્રસ્થાન કરતી વખતે દુર્યોધન તેની માતા ગાંધારી પાસે પોતાના વિજય માટે આશીર્વાદ માગવા ગયો હતો ત્યારે માતા ગાંધારી બોલી હતી ''यतः धर्मः ततः जय।'' જ્યાં ધર્મ હશે ત્યાં જય થશે. ગાંધારી માતાને સારાસારના વિવેકની કેળવણી મળી હતી એમ આ પ્રસંગ ઉપરથી કહી શકાય છે.

**સારાસારના વિવેકનું ફળ :** સારાસારનો વિવેક પામે તે તટસ્થ બની જાય. તે આ કે તે પક્ષનો ટેકેદાર ન બને. સત્ય અને ધર્મને તટસ્થભાવે રજૂ કરે તે વિવેકી પુરુષ કહેવાય છે. સારાસારની કેળવણી પામેલા પુરુષને સ્વાર્થ, લોભ, ડર કે લાલચ સત્ય જાહેર કરતાં રોકી શકતાં નથી. બીજા શબ્દોમાં કહીએ તો વિવેકી પુરુષ નિર્ભય બની જાય છે.

સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ ''કેળવણીવિવેક'' નામનું પુસ્તક લખ્યું છે. તેમણે તેમાં દર્શાવ્યું છે કે કેળવણી મારફત વિવેક પ્રાપ્ત થવો જોઈએ એટલે કે કેળવણીનું ફળ વિવેક છે. દર્દીની ઍક્સ-રે છબીમાં રોગનું નિદાન થઈ શકે છે તેમ વિવેકી પુરુષોની દૃષ્ટિમાં સમાજના દર્દનું નિદાન થાય છે.

પરિવારમાં રોજિંદા જીવનવ્યવહારમાં સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક વગેરે વિવિધ સમસ્યાઓ આવે છે. પરિવારના સભ્યો આ સમસ્યાઓના ઉકેલોની ચર્ચા કરે છે. તેમાં સારાસારનો વિચાર થાય છે. શું

કરવું સારું, શું કરવું યોગ્ય તેની ચર્ચાઓ થાય છે. આવી ચર્ચાઓમાં નાનાં ઊછરતાં બાળકો શ્રોતા બને છે. વડીલો સમસ્યાઓનો ઉકેલ કેવો સૂચવે છે તે જાણવાનું તેમને કુતૂહલ હોય છે. ચર્ચાઓના અંતે થતા નિર્ણયોની સમજ જો આ નાનાં બાળકોને આપવામાં આવે અને નિર્ણયો તટસ્થભાવે સત્યને ધ્યાનમાં રાખીને લેવામાં આવતા હોય તો બાળકોમાં 'વિવેક'નાં બીજ નંખાય છે. આ બીજ મોટપણે અનુભવે વિકાસ પામે છે. આ રીતે બાળકો માટે પરિવારમાંથી સારાસારની કેળવણીનો પાયો નંખાય છે. જે પાયા પર મોટી ઉંમરે વિવેકની ઈમારત ચણાય છે. આવા વિવેકી પુરુષો જ્યાં હોય ત્યાં સમાજનું હિત સચવાય છે. વ્યક્તિનો જન્મ કુટુંબમાં થાય છે. નવજાત શિશુના અસ્તિત્વનો આધાર કુટુંબ છે. જન્મથી જ કુટુંબથી અલગ થઈ જતાં શિશુઓનો માણસ તરીકેનો વિકાસ અટકી જાય છે. કુટુંબમાં બાળકો ઊછરે છે, વિકસે છે. તે જાણે-અજાણે કુટુંબમાંથી ઘણી બાબતો શીખે છે. બાળકો જે શીખે છે તેમના પર તેમના જીવનની ઈમારત વિકસે છે. મોટપણે બાળક કેવું થશે તેનો આધાર કુટુંબના વ્યવહારો, રીતરિવાજો, જીવનપદ્ધતિ અને વડીલોની રહેણીકરણી પર રહે છે.

સમાજનું એકમ કુટુંબ છે અને કુટુંબનું એકમ બાળક છે. આ બાળક પરમચૈતન્યનો અંશ છે. તેના વિકાસની અસીમ શક્યતાઓ છે એમ સમજી કુટુંબ દ્વારા બાળકના જીવનનો સર્વાંગી વિકાસ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે અને તકો પૂરી પાડવામાં આવે તો તે બાળક સમાજને ઉપકારક બને છે. બાળકોને નાનપણથી લક્ષ્ય આપવામાં આવે કે

"ભલે નાના-નાના બાળ અમે આજે રે,
કાલ અમે મોટા થાશું તે જગ દોરશું."

તો જગતને દોરનારા મહાપુરુષો, સર્વજનહિતાય, સર્વજનસુખાય મથનાર સમાજસેવકો એમાંથી મળશે.

**કુટુંબનાં ચાલકબળો અને સમાજનાં ચાલકબળોની તુલના**

**કુટુંબનાં ચાલકબળો :**

કુટુંબનાં ચાલકબળોમાં લોહીની સગાઈ, સ્નેહ, આત્મીયતા અને મારાપણું મુખ્ય છે. કુટુંબનાં સભ્યો ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, પિતા, દાદા, કાકા વગેરેનો એકબીજા સાથે લોહીનો સંબંધ છે. કુટુંબના દાદા કે વડદાદાનાં સંતાનો પેઢી દર પેઢી એકબીજા સાથે લોહીના સંબંધથી જોડાયેલાં છે. આ લોહીની સગાઈથી તેઓ વચ્ચે વિકસતા સંબંધોમાં આત્મીયતા હોય છે. તેઓ વચ્ચે મારાપણાનો ભાવ હોય છે. તે બધાં સ્નેહના તાંતણે બંધાયેલાં હોય છે.

મારાપણાના ભાવથી તેઓ એકબીજાને સહાય કરે છે. આત્મીયતાના કારણે કુટુંબના સભ્યો એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. કુટુંબમાં સારા-માઠા પ્રસંગે તેઓ એકબીજાને હૂંફ અને ઓથ આપે છે. બે ભાઈઓ વિભક્ત થાય અને એકનો આર્થિક વિકાસ ઓછો થાય અને બીજાનો વધારે થાય તો આર્થિક રીતે સુખી ભાઈ બીજા ભાઈને મદદ કરે છે. આમ કરવું તે ફરજ સમજે છે.

કુટુંબના કોઈ સભ્યને બીમારી આવે તો સ્નેહથી બીજા સભ્યો તેની સેવા કરે છે. કુટુંબના સભ્યોમાં કોઈને કિડની બગડી ગઈ હોય તો કુટુંબના બીજા સભ્ય પોતાના આરોગ્યનું જોખમ ઉઠાવીને પણ કિડની આપે છે. આમ, કુટુંબના સભ્યો એકબીજા માટે ત્યાગ અને સમર્પણ કરે છે.

કુટુંબમાં ભાઈ કે બહેનનું અકાળ અવસાન થાય તો જીવિત ભાઈ કે બહેન મૃતકનાં બાળકોના ઉછેરની અને તેમને આર્થિક રીતે પગભર કરવાની તથા તેમના લગ્ન અને અન્ય સામાજિક ખર્ચ કે શિક્ષણના ખર્ચની જવાબદારી ઉપાડી લે છે.

કુટુંબ સમાજનું નાનું જૂથ છે અને એકબીજા સાથે ગાઢ સંબંધોથી જોડાયેલું છે. તેનાં ચાલકબળો સનાતન છે, તે ઊંચાં નૈતિક મૂલ્યોવાળાં છે. તેમાં પરંપરા કે રૂઢિઓને બદલે કુટુંબના ગૌરવ અને પ્રતિષ્ઠાનો પ્રભાવ જોવા મળે છે. કુટુંબનાં ચાલકબળોમાં ભાષા, ધર્મ કે જ્ઞાતિનો પ્રભાવ નથી.

**સમાજનાં ચાલકબળો**

સમાજનાં ચાલકબળો પરિવારનાં ચાલકબળો કરતાં ભિન્ન છે. સમાજનાં ચાલકબળો ધર્મ, ભાષા, ભૌગોલિક પ્રાદેશિકતા અને વ્યવસાય વગેરે છે. આ બધાં પરિબળો જુદી જુદી રીતે માનવસમાજને સંગઠિત રાખે છે. સમાજ આવાં ચાલકબળોના નામથી ઓળખાય છે.

હિંદુ ધર્મના લોકો હિંદુ સમાજ તરીકે ઓળખાય છે. ઈસ્લામ ધર્મના લોકો મુસલમાન સમાજ તરીકે ઓળખાય છે. આવા ધર્મના નામે ઓળખાતા સમાજમાં બીજા ધર્મની વ્યક્તિ સભ્ય હોતી નથી. એ જ રીતે ગુજરાતી, મરાઠી, સિંધી વગેરે ભાષાઓના નામથી પણ ગુજરાતી સમાજ, સિંધી સમાજ વગેરે સામાજિક સંગઠનો બનેલાં છે. આવા સમાજનું સભ્ય તે ભાષા બોલનાર માટે ખુલ્લું હોય છે. ગુજરાતી સમાજમાં ગુજરાતી ભાષા બોલનાર ગમે તે ધર્મની વ્યક્તિ સભ્ય તરીકે રહી શકે છે.

ભારતીય સમાજ, યુરોપિયન સમાજ, અમેરિકન સમાજ વગેરે શબ્દોમાં સમાજના ચાલકબળ તરીકે ભારત, યુરોપ, અમેરિકા વગેરે ભૌગોલિક વિસ્તારને મહત્ત્વનું સ્થાન હોય છે. તેમાં ભાષા કે ધર્મનું મહત્ત્વ નથી હોતું.

કુટુંબની જેમ માનવસમાજનાં ચાલકબળો અને કેટલાક માનવીય ગુણો પણ કામ કરે છે. સહાનુભૂતિ, દયા, પરોપકાર, માનવતા વગેરે ગુણોના કારણે માનવસમાજના સભ્યો મુશ્કેલીના સમયમાં એકબીજાને મદદ કરે છે. તે વખતે પ્રાદેશિકતા, ભાષા કે ધર્મના ભેદ ગૌણ બની જાય છે. કચ્છના 2001ના ધરતીકંપમાં અને પાકિસ્તાનના 2005 ના ધરતીકંપમાં કે સુનામી દરિયાઈ તોફાનો જેવી મુશ્કેલીઓમાં દયા અને પરોપકારની ભાવનાથી વિશ્વના જુદા જુદા સમાજો એકબીજાને મદદ કરે છે.

ધંધો કે વ્યવસાય પણ સમાજનું ચાલકબળ છે. જે-તે વ્યવસાયનાં સંગઠનો પણ સમાજ તરીકે ઓળખાય છે. ખેડૂતસમાજ, માલધારીસમાજ, મજૂરમહાજન વગેરે આવાં વ્યાવસાયિક સંગઠનો પોતાના વ્યવસાયોના હિતમાં સાથે મળી મદદ કરે છે. પોતાના હક્કોના રક્ષણ માટે સરકાર સામે સંઘર્ષ પણ કરે છે.

કુટુંબનાં ચાલકબળો સનાતન છે અને લાંબો સમય ટકી રહે છે. સમાજનાં ચાલકબળો સનાતન નથી. તે અમુક સમયમર્યાદામાં સમાજને ચાલના આપે છે. સમાજનાં ચાલકબળો લાંબાગાળે બદલાતાં રહે છે.

## સ્વાધ્યાય

**1.** નીચેના પ્રશ્નોના જવાબો ચાર વિકલ્પ પૈકી સાચો જવાબ હોય તેનો નંબર પ્રશ્ન સામે લખો :

(1) માનવસંસ્કૃતિનું અવિભાજ્ય અંગ કઈ સંસ્થા છે ? ☐

(1) જ્ઞાતિસંસ્થા (3) કુટુંબસંસ્થા

(2) ધર્મસંસ્થા (4) સામાજિક સંસ્થા

(2) કઈ પ્રવૃત્તિ દ્વારા બાળકનો આત્મવિશ્વાસ વધે છે ? ☐

(1) ખંડનાત્મક પ્રવૃત્તિ (3) રખડવાની પ્રવૃત્તિ

(2) સર્જનાત્મક પ્રવૃત્તિ (4) આનંદપ્રવૃત્તિ

(3) માનવપ્રાણીનો સ્વભાવ કેવો છે ? ☐

(1) અનુકરણશીલ (3) ઈર્ષાળુ

(2) ક્રોધી (4) ઝઘડાળુ

(4) બાલ્યાવસ્થામાં માણસના સંપર્કના અભાવે બાળકના વિકાસમાં શું પેદા થાય છે ? ☐

(1) ઉત્સાહ (3) ક્રોધ

(2) અવરોધ (4) પ્રેમ

**2.** નીચેના પ્રશ્નોના જવાબો અગત્યના બબ્બે મુદ્દા આપી બેથી ત્રણ લીટીમાં લખો :

(1) માનવબાળ ભાષા કેવી રીતે શીખે ?

(2) કુટુંબમાંથી બાળકને શીખવા મળતા અગત્યના ચાર ગુણો લખો.

(3) કેવા પર્યાવરણમાં ઊછરતાં બાળકો સમાજ માટે સમસ્યારૂપ થાય છે ?

(4) ધાર્મિક સંસ્કારોનો વારસો બાળકોને કેવી રીતે મળે છે ?

(5) સદાચાર એટલે શું ? કુટુંબમાંથી બાળકને સદાચાર શીખવા મળે તે માટે માબાપે શી કાળજી રાખવી જોઈએ ?

(6) દીનબંધુ એંડ્રુઝને કરુણાનું શિક્ષણ કયા પ્રસંગથી મળ્યું હતું ? ચાર જ લીટીમાં લખો.

**3.** નીચેના પ્રશ્નોના જવાબો ત્રણ લીટીમાં લખો :

(1) નીતિમાન માણસોની અડગતાનાં ત્રણ ઉદાહરણો આપો.

(2) બાળકોને સંયમના સંસ્કારો કેવી રીતે કોના દ્વારા પ્રાપ્ત થાય છે ?

(3) વ્યાવસાયિક સંસ્કારો એટલે શું ? દાખલા આપી તેનું મહત્ત્વ સમજાવો.

(4) સ્ત્રી-પુરુષનાં કાર્યોના ભેદ અંગે બાળકો કુટુંબમાંથી ગ્રામ્યસમાજમાં કેવું વલણ કેળવે છે ?

(5) પારિવારિક જીવનમાં સમભાવ અને ઉદારતાનું મહત્ત્વ સમજાવો.

**4.** નીચેના પ્રશ્નોના જવાબો ચાર લીટીમાં મુદ્દાસર લખો :

(1) પરિવારમાં સ્વાતંત્ર્યનું મહત્ત્વ દાખલા આપી સમજાવો.

(2) સારાસર વિવેક એટલે શું ? કુટુંબમાંથી બાળક વિવેકની કેળવણી કેવી રીતે મેળવે છે ?

(3) બાળકો જીવનનાં લક્ષ્યો કુટુંબમાંથી કેવી રીતે મેળવે છે તે સમજાવો.

(4) જાતીય વૃત્તિ તરફ જોવાની દૃષ્ટિની કેળવણી બાળકોને કુટુંબમાંથી કેવી રીતે મળે છે તે મુદ્દાસર સમજાવો.

(5) કુટુંબનાં ચાલકબળો અને સમાજનાં ચાલકબળો વચ્ચેનો તફાવત લખો ?

## પ્રવૃત્તિઓ

(1) તમારી સાથે ભણતા મિત્રના પરિવારમાં બે દિવસ રહીને તમારા કુટુંબથી કઈ-કઈ બાબતોમાં તે પરિવાર જુદો પડે છે તે નોંધો.

(2) તમારી સાથે ભણતા વિદ્યાર્થીઓમાંથી વ્યસનીના કુટુંબની મુલાકાત લઈ તેના વ્યસનનું મૂળ શોધો.

(3) તમારી જ્ઞાતિમાં સ્વચ્છંદી વ્યક્તિઓ તરફ લોકોનું વલણ કેવું છે તે તપાસો.

●